# જિલ્લામાં ખેતરો ફળદ્રુપ બનાવવા માટે છાણીયા ખાતરનો ઉપયોગ

## ચોમાસા પૂર્વે છાણીયા ખાતરની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસુ નજીક આવતાં છાણીયા ખાતરની માંગમાં એકાએક વધારો થયો છે. ખરીફ વાવેતર માટે ખેતરો ફળદ્રુપ બનાવવા માટે મોટાભાગના ખેડૂતો છાણીયા ખાતરનો ઉપયોગ કરતા થયા છે જેના કારણે એક



ટ્રેક્ટર દીઠ ખાતરનો ભાવ રૂા.૧૮૦૦ સુધી પહોંચ્યો છે. થોડાક સમય અગાઉ રાસાયણિક ખાતરના ભાવમાં વધારો થતાં ખેડૂતોમાં રોષ જોવા મળ્યો પરંતુ પાક ઉત્પાદન વધારવા માટે કુદરતી ખાતર ફાયદારૂપ હોવાથી ખાતરની માંગના કારણે ગામડાઓમાંથી છાણના ઉકરડા ઝડપથી સફાચટ થવા લાગ્યા છે.

રાસાયણિક ખાતરના વધુ પડતા ઉપયોગથી જમીનો હવે કસ વગરની બનવા લાગી છે. ખાતરની સાથે રાસાયણિક દવાઓએ પણ જમીનની ફળદ્રુપતા ઘટાડતાં પ્રગતિશીલ ખેડૂતો હવે ખેતીમાં સ્વદેશી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. ચોમાસુ નજીક આવી રહ્યું હોવાથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં ખેડૂતોએ ખરીફ વાવેતરની તૈયારીઓ શરૂ કરી છે. જેમાં વાવેતર પૂર્વે ખેતરમાં ખાતર ભેળવી જમીનને વધુ કસદાર બનાવવા માટે ખેડૂતોએ કામગીરી શરૂ કરી છે. જમીનમાં રાસાયણિક ખાતર કરતાં કુદરતી છાણીયું ખાતર વધુ ફાયદો કરાવતું હોવાથી હમણાંથી છાણીયા ખાતરની માંગમાં વધારો થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં છાણવાસીદાના ઉકરડા જે જોવામાં પ્રથમ દ્રષ્ટીએ આંખને ગમતા પણ ન હતા તે હવે સફાચટ થઈ વાસીદાનું છાણ ખેતરોમાં પહોંચી રહ્યું છે. રાસાયણિક ખાતરના ભાવમાં વધારો થયો હોવાથી નાના ખેડૂતો તેની ખરીદી કરવાને બદલે ખેતરોમાં છાણીયું ખાતર ભેળવી રહ્યા છે.

## ધનસુરા મામલતદારમાં ઈ-ધરા અને જનસેવા કેન્દ્રો શરુ

ધનસુરા, તા. ૩

ધનસુરા મામલતદારમાં ઈ-ધરા અને જનસેવા કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે અગાઉ ૧૬ મે સુધી બંધ કરવા માટે કલેક્ટર એ પરિપત્ર જાહેર કર્યો હતો પછી ફરી નવા પરિપત્ર ની મુદત પુરી થતા કેન્દ્રો શરુ થયા કોરોના ને લઈ ને જાહેર હિતો ને ધ્યાનમાં રાખી ધનસુરા ઈ-ધરા અને જનસેવા કેન્દ્રો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો કોરોના સંક્રમણ વધે નહી તેના તકેદારી ના ભાગરૂપે ભીડ એકઠી ન થાય તેમજ સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે હેતુથી ધનસુરા મામલતદાર કચેરી માં આવેલા જનસેવા કેન્દ્રો જાહેર આરોગ્ય ના હીતને ધ્યાનમાં રાખી બંધ કરવામાં આવ્યા હતા જનસેવાની અવશ્ય કામગિરી માટે અતિ આવશ્યક સંજોગોમાં મામલતદાર નો સંપર્ક કરવાનો હતો હવે આ ઈ -ધરા અને જનસેવા કેન્દ્રો શરુ કરાયા છે.

# રાજ્યમાં સંક્રમણ તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યું છે

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૭ વ્યક્તિના મોત : રાજ્યમાં કોરોનાના ૧૨૦૭ નવા કેસ : ૧,૭૫,૩૫૯ લોકોનું રસીકરણ : સાજા થવાનો દર વધી ૯૫.૭૮ ટકા

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યું છે. રાજ્યમાં રસીકરણ પણ ઝડપથી વધારવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ૧,૭૫,૩૫૯ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. રાજ્યમાં કોરોનાના દર્દીઓનો સાજા થવાનો દર પણ વધીને ૯૫.૭૮ ટકાએ પહોંચ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૧૨૦૭ કેસ નોંધાયા છે. જ્યારે ૩૦૧૮ દર્દી આજના દિવસમાં સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૭,૭૮,૯૭૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

જો રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસની વાત કરીએ તો ૨૪,૪૦૪ કોરોનાનાં કેસ છે. ૪૨૯ લોકો વેન્ટિલેટર પર છે. ૨૩૯૭૫ લોકો સ્ટેબલ છે. ૭,૭૮,૯૭૬ લોકોને ડિસ્ચાર્જ કરી દેવાયા છે. આજે કોરોનાને કારણે કુલ ૧૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જ્યારે ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૯૮૯૦ લોકોનાં મોત નિપજ્યાં છે.

જો રસીકરણની વાત કરીએ તો હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર્સ પૈકી ૪૨૬૧ ને પ્રથમ ડોઝ અને ૪૨૮૭ લોકોને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારે ઉંમરના ૪૩૦૮૨ લોકોને પ્રથમ અને ૨૫૪૪૧ લોકોને બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષનાં ૯૮૨૮૮ લોકોને પ્રથમ ડોઝ અપાયો હતો. આ પ્રકારે ગુજરાતમાં એક દિવસમાં ૧,૭૫,૩૫૯ લોકોને રસી અપાઈ હતી.

# પ્રાંતિજ તાજપુર કુઈ પર ઘઉં ભરેલી ટ્રક ૧૫ ફૂટ ખાડામા ખાબકી

## સીક્સ લાઇન રોડ કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી આવી સામે : વહેલી સવારે વરસાદ અને વટોળને લઈને ટ્રકચાલકે સ્ટેરીગ ઉપરથી કાબુ ગુમાવતા ટ્રક ખાડા ખાબકી

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના તાજપુર કૂઈ પાસે એક ટ્રક રોડ સાઈડના ખાડામા





ખાબકી.

પ્રાંતિજના તાજપુર કુઈ પર ગુરુવારની વહેલી સવારે ઘઉ ભરેલી ટ્રક તલોદથી કડી જઈ રહી હતી ત્યારે અતિશય વાવાઝોડાને લઈને તથા વરસાદને કારણે આગળ ચાલકને કાંઈ ન દેખાતા પુલ છેડે ટ્રક ખાબકી હતી. જોકે મોટી જાનહાનિ ટળી હતી. નેશનલ હાઈવે ૮ પર ચાલતા સીક્સ લાઈનનું કામ ગોકળ ગતિએ ચાલી રહી છે ત્યારે આડેધડ મોટા મોટા ખાડા ખોદી નાખતાં જે તે હાલતમાં પડી રહી છે. અહીં રોજેરોજ નાના-મોટા આ સાંકડા રોડ લઈને અકસ્માતો સર્જાય છે કેટલાક વાહનચાલકો મોતને ભેટે છે તો કોઈ ઈજાગ્રસ્ત થાય છે. આ અંગે તાજપુર કુવીના રહીશોએ રોડ કોન્ટ્રાક્ટર પર ભારે આક્રોશ ઉઠાવે છે છતાં રોડ કોન્ટ્રાક્ટર લોકોને ગલ્લા તલ્લા સમજાવી ગમે તે બહાનું કાઢી રોડનું કામ એની મનમાનીથી કરે છે. જ્યારે રાહદારીઓ અને વાહનચાલકો મોટી પરેશાની ભોગવી રહ્યા છે છેલ્લા ઘણા સમયથી આ નેશનલ હાઈવે પર મજરા થી પ્રાંતિજ સુધી આડેધડ ખોદકામ કરીને જે તે તેમના તેમ ઘણા સમયથી પડી રહેલ છે આ રોડ પર તાજપુર કુઈ ચોકડી પર મોટા વાહનો રાત દિવસ ભારે ધસારો જોવા મળે છે અને સાંકડા રોડને લઈને વારંવાર વાહનોની લાંબી કતારો થઈ જાય છે અને ટ્રાફિક જામ થઈ જાય છે તંત્ર દ્વારા આ સમસ્યાનું જેમ બને તેમ વહેલી તકે રોડનું કામ કરાવી તેવી લોકમાંગ ઉઠી છે સર્વિસ રોડ ઉપર થઈને ભારે વાહન ચાલકો પોતાને મન ફાવે તેમ જ આડેધડ જ્યાં નિકળવાનો મોકો મળે ત્યાં ઘૂસી જાય છે જેથી સ્થાનિક વેપારી વર્ગ ત્રાહિમામ પોકારી ગયું છે જોકે અકસ્માત મા ટ્રક ચાલક સહિત કલીનર નો બચાવ થયો હતો તો ખાડામા પડેલ ટ્રક ને કેઈનની મદદત થી બહાર કાઢવામા આવી હતી.

## સરહદી ખાવડા પંથકમાં વહેલી સવારે ૩.૫ની તિવ્રતાનો ભૂકંપ

ભૂજ, તા. ૩

ભૂકંપ ઝોન ૫માં આવતો કચ્છ વિસ્તાર ધરતીકંપના અનેક નાના મોટા આંચકાઓથી સમયાંતરે કંપી રહ્યો છે. જેમાં ૨૦૦૧ના મહા ભૂકંપ બાદ શરૂ થયેલા આફ્ટરશોકનો આંકડો હજારોની સંખ્યાને પાર પહોંચી જવા પામ્યો છે. ત્યારે આજે વધુ એક ધરતીકંપના આંચકાથી ખાવડા વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો.

ગુજરાતના કચ્છ વિસ્તારમાં અવાર નવાર ભૂકંપના નાના મોટા આંચકા અનુભવાતા હોય છે. ત્યારે આજે સરહદી ખાવડા પંથકમાં વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેની તીવ્રતા ૩.૫ રિક્ટર સ્કેલ માપવામાં આવી છે. આ અગાઉ બે હળવા ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

મળતી માહિતી અનુસાર ભુજ તાલુકાના ઉત્તર દિશાએ સરહદી ખાવડા વિસ્તારમાં આજે વહેલી સવારે ૩.૫૪ કલાકે ૩.૫ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. અગાઉ ૪.૩૯ કલાક અને ૧.૧૪ કલાકે દુધઈ નજીક કેન્દ્રબિંદુ ધરાવતાં ૧.૧ અને ૧.૬ની તીવ્રતાના ભૂકંપના બે હળવા કંપન રીક્ટર સ્કેલ પર નોંધાયા હતા.

# બાયડમાં તસ્કર રાજ : વધુ ૩ દુકાનનાં તાળાં તૂટયાં, પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં

## આરામપ્રિય પોલીસનો ફાયદો ઉઠાવતી તસ્કર ગેંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

કોરોનામાં પાયમાલ થયેલા વેપારીઓ ઉપર હવે તસ્કરો હાવિ થઈ રહ્યા છે. બાયડના મુખ્ય બજારમાં એક સાથે ૩ દુકાનનાં તાળાં તૂટતાં ઉભા થયેલા તસ્કર રાજ સામે વેપારીઓમાં રોષ વ્યાપ્યો છે. પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી જતાં એક પછી એક તસ્કરો બિન્દાસ્ત બની ગુનાને અંજામ આપી રહ્યા છે. એક રીતે આરામપ્રિય પોલીસનો તસ્કર ગેંગ ફાયદો ઉઠાવી રહી છે. જિલ્લા પોલીસ વડા દ્વારા બાયડમાં રાત્રિ દરમ્યાન ઓચિંતુ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવે તો નાઈટ પેટ્રોલીંગનો ગુબ્બારો ફૂટી શકે છે.

બાયડ તાલુકામાં પાછલા ૨ દિવસમાં તસ્કરીના ૭ બનાવોએ પોલીસની કથળતી કામગીરીને ખૂલ્લી પાડી છે. સાઠંબા પછી બાયડમાં તસ્કરોએ એક પછી એક



કુલ-૪ સ્થળે તસ્કરીના પ્રયાસ કરતાં આવનારા દિવસોમાં બાયડમાં તસ્કરો વધુ હાવિ થઈ જાય તેવી દહેશત વ્યક્ત થઈ છે. બાયડની શિવમ્ પાર્ક સોસાયટીમાં તસ્કરી પછી પોલીસનો પનો ટૂંકો પડતાં ડૉગ સ્કવોર્ડ બોલાવવામાં આવી પરંતુ તસ્કરના સુરાગ મળ્યા નથી ત્યાં ગણતરીના કલાકોમાં જ બાયડના મુખ્ય માર્ગ ઉપર આવેલી શુભમ્ સ્ટુડીયો, રાજલક્ષ્મી ફર્નિચર અને શ્રીરામ સ્ટોર્સના તાળાં તોડી તસ્કરીને અંજામ આપવાનો પ્રયાસ કર્યો પરંતુ વેપારીઓનું નસીબ સારૂ હતું કે કોઈ મુદ્દામાલ ગયો નથી. ત્યારે સવાલ એ થાય છે કે દિવસ-રાત વાહનોની અવર જવરથી ધમધમતા મુખ્ય માર્ગ ઉપર તસ્કરોએ અંજામ આપ્યો અને પોલીસ ઉંઘતી રહી ગઈ. નાઈટ પેટ્રોલીંગના દાવા કરતી બાયડ પોલીસે જે કર્મચારીઓ નાઈટ પેટ્રોલીંગની ડ્યુટી ઉપર હતા તેમના લોકેશનની ચકાસણી કરવી જોઈએ, લોકચર્ચા તો એવી છે કે નાઈટ પેટ્રોલીંગમાં મૂકાયેલો સ્ટાફ રાત્રે ઘરે જતો રહેતો હોય છે કાં તો પોલીસ સ્ટેશનમાં જ પગ ઉપર પગ ચઢાવી આરામ ફરમાવતો હોય છે તેનો ભરપૂર ફાયદો તસ્કર ગેંગ ઉઠાવી રહી છે.

# નડિયાદ ખાતે બે જૂથની વચ્ચે અથડામણમાં ૭થી વધુને ઈજા

## તળાવની માટીને લઈને બે કુટુંબો વચ્ચે બખાડો : એક કોમના બે જૂથ વચ્ચે પથ્થરમારો-મારામારીના દ્રશ્યો સર્જાતા પોલીસે ઘટના સ્થળે પહોંચી સ્થિતિ પર કાબૂ મેળવ્યો

નડીયાદ, તા. ૩

ખેડા જિલ્લાના નડિયાદમાં બે જૂથ વચ્ચે અથડામણ સર્જાઇ હતી. એક જ સમાજના બે જૂથ વચ્ચે મારામારી અને પથ્થરમારો કરવામાં આવતાં વાતાવરણમાં તંગદિલી સર્જાઇ હતી. આ ઘટનામાં ૭થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. ઘટના અંગે પોલીસને જાણ થતાં નડિયાદ પશ્ચિમ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી ટેલિફોન ઓફિસ પાસે તળાવની માટીને લઈને બે પિતરાઈ ભાઈઓના કુંટુંબ વચ્ચે માથાકૂટ થઈ હતી. એક કોમના બે જૂથ વચ્ચે ભારે પથ્થરમારો અને મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. જેના લીધે તંગદીલી ભર્યું વાતાવરણ સર્જાયું છે. આ ઘટનામાં ૭થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે જ્યારે ૩થી વધુ વાહનોને નુકસાન પહોંચ્યું છે. તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ઘસેડવામાં આવ્યા છે.

એક જ કોમના બે પિતરાઈ ભાઈઓના જૂથો વચ્ચે તળાવની માટીને લઈને માથાકૂટ થતાં મામલો બિચક્યો હતો અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ત્યારબાદ ગુસ્સે ભરાયેલા બંને પક્ષના લોકોએ સામસામે પથ્થરમારો કર્યો હતો. ઘટનાની જાણ થતાં નડિયાદ પશ્ચિમ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. અને બંને પક્ષોના નિવેદન લઈ ફરિયાદ નોંધવાની કામગીરી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ સમગ્ર વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ કરી રહી છે.

## ચિત્રોડા ગામના અગ્રણીનું અવસાન

ઈડર તાલુકાના પૂર્વવિસ્તારના ગામડાઓના આર્થિક રાજધાની તરીકે ચિત્રોડા ગામ વેપારનું મધ્ય બિંદુ સાબિત થઈ રહીયું છે. આસપાસના સમર્પિત વીસ જેટલા ગામોના મધ્યવર્તીય બજાર ધરાવતા



ચિત્રોડા ગામના પૂર્વ સરપંચ અને જિલ્લા સહકારી ક્ષેત્રના નામના મેળવનાર સ્વ.કેશુભાઈ પટેલ (પૂર્વ ડિરેક્ટર સાબરકાંઠા બેંક, જિલ્લા સહકારી સંઘ)ના મોટાભાઈ

જેસિંગભાઈ પટેલનું દુ:ખદ અવસાન થતાં ગામ લોકોમાં શોકની લાગણી છવાઈ છે. જિલ્લા સહકારી રાજકારણમાં વર્ષો સુધી પ્રતિનિધિત્વ કરી ઈડર તાલુકાની વિવિધ સહકારી સંસ્થાઓના સેવાઓ આપી આંજણા સમાજના અગ્રણી સ્વર્ગીય કેશુભાઈ પટેલના મોટાભાઈ જેશીંગભાઈનું લાંબી માંદગી બાદ આજે અવસાન થયું છે. ઈડર તાલુકાના ચિત્રોડાના પૂર્વ સરપંચ અને રાજ્યની નંબર એકનો કિતાબ પ્રાપ્ત ચિત્રોડો સેવા સહકારી મંડળીના સેક્રેટરી રમેશભાઈના પિતા તથા ચિત્રોડામાં છેલ્લા દસ વર્ષથી વિકાસની વણથંભી રફતાર સાથે છેલ્લા દસ વર્ષથી સતત વિકાસશીલ ચિત્રોડા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ બાબુભાઈ અને તેમના પત્ની ચેતનાબેન સરપંચ ચિત્રોડાના સસરાના નિધન થતા ચિત્રોડા વિસ્તાર કનુભાઈ પટેલ ડિરેક્ટર સાબરડેરી, હસમુખભાઈ કેશરભાઈ પટેલ, નરસિંહભાઈ મુખી, વણઝારા સમાજ, ભરવાડ સમાજ તેમજ વિવિધ સમાજના આગેવાનો, ચિત્રોડા સેવા મંડળી સ્ટાફ અને પંચાયત સભ્યોએ શ્રદ્ધાંજલિ આપી હતી.

# પહેલાં જ વરસાદમાં ખેડૂતે પશુધન ગુમાવતાં વ્યથિત

## મોજરું ગામે ભારે પવનથી રહેણાંક મકાનોને નુકસાન થયું છે, દિયોદર સહિત અનેક પંથકમાં ખેતીના પાકોને નુકશાન

પાલનપુર,તા.૩

બનાસકાંઠા જિલ્લામાં મોડી રાત્રે ભારે પવન સાથે અચાનક વાવાઝોડું આવ્યું હતું. જોકે, પહેલા જ વરસાદમાં બનાસકાંઠામાં વીજળી પડવાનો બનાવ બન્યો છે. ખેતરમાં વીજળી પડતા એક ખેડૂતના પશુઓનું મોત થયું છે. જેથી ખેડૂતની રોજગારી છીનવાઈ છે. બનાસકાંઠાના દિયોદર પંથકમાં મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદી ઝાપટું પડ્યુ હતું. મોડી રાત્રે ભારે પવન ફૂંકાતા અનેક વિસ્તારોમાં કાચા મકાનો અને છાપરાઓના પતરા ઉડ્યા હતા. ભાદર ગામે પશુઓને બાંધવાનું ઢાળીયું પડતાં એક ગાયનું મોત થયું છે. તો ભારે પવનના કારણે બાજરી સહિત અનેક પાકો ઢળી ગયા છે. મોડી રાત્રે અચાનક હવામાનમાં પલટો આવતા ભારે પવનથી અનેક મકાનોના પતરા ઉડ્યા છે. દિયોદરના મોજરું ગામે ભારે પવનથી રહેણાંક મકાનોને નુકસાન થયું છે. દિયોદર સહિત અનેક પંથકમાં ખેતીના પાકોને નુકશાન પહોંચ્યું છે. બનાસકાંઠા ભાભર તાલુકાના ખારા ગામે મોડી રાત્રે ભારે પવન અને વરસાદ સાથે વિજળી પડી હતી. ભાભર તાલુકાના ખારા ગામે એક ખેડૂતના ખેતરમાં વીજળી ત્રાટકી હતી. જેથી એક ખેતર બાંધેલ ૨ ભેંસોના મોત થયા છે. તો એક ભેંસ ઘાયલ થઈ છે. ભાગીયા તરીકે ખેતીકામ કરતા ખેત મજૂરની ૨ ભેંસોના મોત થતાં ખેડૂતના માથા પર આભ તૂટી પડ્યું હતું. તેની આજીવિકા છીનવાઈ છે. ત્યારે આ ગરીબ ખેડૂતને સરકાર સહાય કરે તેવી સરપંચ સહિત ગામ લોકોએ અપીલ કરી. તો બીજી તરફ, બનાસકાંઠામાં મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદ પડતાં માર્કેટયાર્ડમાં પડેલ માલ પણ પલળી ગયો છે. ભીલડી માર્કેટ યાર્ડમાં ખુલ્લામાં પડી રહેલ બાજરી સહિતનો માલ પલળ્યો છે.

# કારે બાઈકને ટક્કર મારતાં ૩ મિત્રોનાં કરૂણ મોત થયા

## રાત્રિના સમયે ત્રણેય શખ્સો બાઈક લઈ આંટો મારવા નીકળ્યા હતા, જ્યારે હાઈવેએ તેમનો ભોગ લીધો હતો

પંચમહાલ,તા.૩

ગોધરામાં હિટ એન્ડ રનની ઘટનામાં ત્રણ શખ્સોને મોત નિપજ્યાં છે. ગોધરાના દાહોદ બાયપાસ હાઈવે ઉપર કાર અને ચાલક વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં ગોધરા નવા બહારપુરા વિસ્તારના ત્રણ બાઈક સવાર યુવકોના મોત નિપજ્યાં છે. રાત્રિના સમયે ત્રણેય શખ્સો બાઈક લઈ આંટો મારવા નીકળ્યા હતા, જ્યારે આ હાઈવેએ તેમનો ભોગ લીધો હતો. ગોધરાના એક જ ફળિયામાં રહેતા ત્રણ શખ્સો રાત્રિના સમયે બાઈક પર આંટો મારવા નીકળ્યા હતા. ત્રણેય એક જ બાઈક પર સવાર હતા. ત્યારે દાહોદ ગોધરા હાઈવે પર એક કારે તેમની બાઈકને ટક્કર મારી હતી. જેમાં ત્રણેય શખ્સોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. ત્રણેયના મોત બાદ પોલીસ તથા એમ્બ્યુલન્સ પણ સમયસર પહોંચી ન હતી. તેથી સ્થાનિક લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો.

યોગ્ય સમયે એમ્બ્યુલન્સ અને પોલીસ સહિતની મદદ સમયસર નહિ મળવા સહિતના આક્ષેપો લોકોએ કર્યા હતા. આ આક્ષેપોને લઈ મોડી રાત્રે મૃતકોના સ્વજનો સહિત મોટી સંખ્યામાં લોક ટોળા કલેક્ટર કચેરીએ જમા થયા હતા. આક્ષેપો સાથે કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં લાશનો સ્વીકાર નહિ કરી ધરણા પર બેઠા હતા. ત્યારે મોડી રાત્રે ડીવાયએસપીએ જઈ સમજવટ કરી મામલો પાડ્યો થાળે પાડ્યો હતો. તો બીજી તરફ, જે કારે બાઈકને ટક્કર મારી તે કારમાં બે કાચના ગ્લાસ જોવા મળ્યા હતા.

### અંધાધૂંધીનો ભય... ● પાંચમા પાનાનું ચાલુ

વિભાગે લાંબુ મનોમંથન કરી વિદ્યાર્થી-વાલીઓને ઉચાટમાં રાખ્યા પછી આખરે માસ પ્રમોશનનો નિર્ણય લીધો. ખાસ કરીને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થી અને વાલીઓએ જે યાતનાઓ વેઠી તે પણ નજરઅંદાજ થયાનો આક્રોશ છે. અનેક વાલીઓએ સરકારના આ નિર્ણયને આત્મઘાતી ગણાવવાની સાથે અનેક તેજસ્વી વિદ્યાર્થીઓના કેરીયર માટે સરકારે અહિત કર્યાનું ખૂલીને બોલી રહ્યા છે. પરંતુ હવે નિર્ણય લેવા જ ગયો છે એટલે તેનું મનોમંથન કરવું યોગ્ય નથી પરંતુ તમામ વિદ્યાર્થીઓના માસ પ્રમોશન પછી ધો.૧૧ તેમજ પ્રથમ વર્ષ કોલેજના પ્રવેશમાં મોટાપાયે અંધાધૂંધી સર્જાઈ શકે છે. એક તબક્કે ધો.૧૦ ના તમામ વિદ્યાર્થીઓને ૧૧ માં પ્રવેશ મળી જાય તે સંભવ બને પરંતુ ધો.૧૨ ના માસ પ્રમોશનમાં આવેલા વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ મળવો અત્યંત મુશ્કેલ છે કારણ કે ઉત્તર ગુજરાતમાં શાળાઓની સંખ્યા કરતાં કોલેજોની સંખ્યા જૂજ પ્રમાણમાં છે. આ સંજોગોમાં બધા જ વિદ્યાર્થીઓને કોલેજના પ્રથમ વર્ષમાં વિવિધ ફેકલ્ટીમાં પ્રવેશ આપવો શક્ય બનશે નહીં. શિક્ષણ વિભાગે વિરોધીઓ માટે આંદોલન કરવાનો માર્ગ ઉભો કરી આપ્યો છે..!!

### બીજો-ત્રીજો હપ્તો... ● પાંચમા પાનાનું ચાલુ

આવાસની મંજૂરી માટે અરજદારોનો ધસારો થઈ ગયો છે. જિલ્લા કલેક્ટર દ્વારા આવાસ યોજનામાં હપ્તા મંજૂર કરવા તેમજ નવા આવાસ મંજૂર કરવામાં થઈ રહેલી વિલંબ નીતિ માટે કોણ જવાબદાર છે તેની તપાસ થવી જોઈએ કારણ કે છેલ્લા કેટલાય સમયથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી શંકાના દાયરામાં આવી ગઈ છે. જ્યારે અનેક તાલુકા તેમજ શહેરી વિસ્તારોમાં આવાસ યોજના મંજૂર કરાવવાથી માંડી હપ્તા બેન્ક ખાતામાં નાખવા માટે પણ ઉઘરાણાં કરાયાના ગંભીર આક્ષેપ થયેલા છે.

### ભીષણ આગ... ● પાંચમા પાનાનું ચાલુ

સર્કીટ થયા પછી તણખા ઝર્યા હતા જેમાં મલ્ચીંગ પેપરના જથ્થામાં લાગેલી આગે જોત જોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ફેક્ટરી લાક્ષાગૃહમાં ફેરવાઈ ગઈ હતી. દૂર દૂર સુધી રાત્રે આગના લબકારા જોવા મળતાં ગ્રામ્ય વિસ્તારમાં અફડા તફડીનો માહોલ ઉભો થયો હતો. બનાવની જાણ થતાં ફેક્ટરીના સંચાલકો પણ તાબડતોબ દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડની મદદ માટે તાત્કાલિક ૧૦૦ નંબર ડાયલ કરી જાણ કરી હતી પરંતુ અરવલ્લી જિલ્લા પોલીસનો ફોન બંધ હોવાનું સાબરકાંઠા કંટ્રોલમાંથી જણાવવામાં આવ્યું હતું જેથી કંપની સંચાલકોને પોતાની નજર સામે આગમાં ભસ્મિભૂત થતી ફેક્ટરીને બચાવવા માટે અન્ય માધ્યમથી પોલીસનો સંપર્ક કર્યો પરંતુ ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર ત્વરીત ઝડપે પહોંચી ન શકતાં કરોડોનો સામાન આગમાં હોમાઈ ગયો છે.

### ધમાકેદાર એન્ટ્રી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લક્ષદ્વીપ અને કર્ણાટકના ૧૪ મોસમ કેન્દ્રોમાંથી ૬૦ ટકા કેન્દ્રોમાં ૧૦ મે પછી સતત બે દિવસ સુધી ૨.૫ મિમીથી વધુ વરસાદ થવો જોઈએ. જમીનની સપાટીથી સાડા ચાર કિમી ઉંચાઈ સુધી પશ્ચિમી હવાઓ ચાલવા લાગે, જમીનની સપાટીની નજીકની હવાની ગતિ ૩૦-૩૫ કલાક પ્રતિ કલાક સુધી હોય. વાદળોની જાડાઈ એટલી વધુ હોય કે જમીનથી આકાશ સુધી જનાર રેડિએશન ૨૦૦ વોટ પ્રતિ વર્ગમીટરથી પણ ઘટી જાય.

બીજી તરફ પશ્ચિમી ડિસ્ટર્બન્સના કારણે હિમાચલના શિમલામાં બુધવાર બપોર પછી આંધી અને ઝડપી પવનની સાથે વરસાદ થયો હતો. મોસમ વિભાગની યલો એલર્ટની વચ્ચે શિમલાની નજીકના ઉપરી વિસ્તારમાં વરસાદની સાથે બરફના કરા પડવાથી સફરજન સહિતના ફળોને નુકસાન પહોંચ્યું છે. મોસમ વિભાગના જણાવ્યા મુજબ શિમલા સહિત રાજ્યના મધ્યમ ઉંચાઈવાળા પર્વતીય વિસ્તારમાં પાંચ જૂન અને ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાં ચાર જૂન સુધી હવામાન ખરાબ રહેશે. જ્યારે મેદાની વિસ્તારોમાં આઠ જૂન સુધી હવામાન સાફ રહેવાનું અનુમાન છે.

### ૧૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આજે ૩૬૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૨૦૫૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દીઓ જ્યારે ૩ દર્દી ૬૦ થી વધુ વયના છે. સિનીયર સીટીઝનો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે પેથાપુરમાં ૩, ઈન્ફોસીટીમાં ૨ તેમજ સે. ૩, અંબાપુર, ધોળાકુવા, કુડાસણ, રાંદેસણમાંથી કેસો મળી આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૪ ટકા જેટલો થયો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ કે શહેરમાં આજે વધુ ૩૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૩૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### હત્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દીકરી પણ ઘાયલ થઈ છે અને તેને ગંભીર સ્થિતિમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. પોલીસ પ્રવક્તાના જણાવ્યા મુજબ, રાકેશ પંડિતાને સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી અને તેમને બે અંગત સુરક્ષાકર્મી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, નિયમોનું ઉલ્લંઘન કરીને તેઓ સુરક્ષાકર્મીઓ વગર જ દક્ષિણ કાશ્મીર સ્થિત પોતાના પૈતૃક ગામ ગયા હતા. પ્રવક્તાએ કહ્યું કે વિસ્તારની ઘેરાબંધી કરી હુમલાખોરોને પકડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરના બીજેપી પ્રમુખ રવિન્દ્ર રૈનાએ આ હુમલાની નિંદા કરી છે. તેમણે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, રાકેશ પંડિતાની શહાદતને અમે વ્યર્થ નહીં જવા દઈએ. કાશ્મીરમાં આતંકવાદીઓએ ખતમ કરવામાં આવશે. રૈનાએ તેને માનવતા અને કાશ્મીરિયતની હત્યા ગણાવી છે. બીજી તરફ, જમ્મુ-કાશ્મીરની પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી પ્રમુખ મહબૂબા મુફતીએ કહ્યું કે, હિંસાની આવી મૂર્ખતાપૂર્ણ ઘટનાઓએ કાશ્મીરને હંમેશા દુ:ખ પહોંચાડ્યું છે.